ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૧ ટકા

# લારી-ગલ્લાઓ પર ભીડ જામતા ચિંતા વધી

## ખાણી-પીણીની લારીઓ અને ગલ્લાઓ ખુલતા યુવાનોએ ભીડ જમાવતા પોલીસ સતર્ક બની : રીલાયન્સ ચોકડી અને ખ-ઝીરો સર્કલ પર પોલીસ કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૨

લારી ગલ્લાઓ પુનઃ શરૂ થતાં યુવાનો ભીડ જમાવી રહ્યા છે. કોરોના માંડ કાબુમાં આવ્યો છે ત્યારે આ રીતે વધી રહેલી ભીડ ચિંતા વધારે છે. યુવાનોની ભીડ વધતા પોલીસે કાર્યવાહી કરવી પડી હતી.

લોકડાઉન ખુલતા બહારની ખાણી-પીણીના શોખીનો ખુશખુશાલ થઈ ગયા છે. હોટલ-રેસ્ટોરન્ટ અને લારી-ગલ્લાઓને મોડે સુધી ખુલ્લા રાખવાની છુટ મળતા શોખીન યુવાનો ઘરની બહાર નીકળી પડયા હતા. ઘણા દિવસોથી ઘરમાં બંધ રહીને કંટાળેલા યુવાનો સરકારે આપેલી છૂટછાટના પગલે ઘરની બહાર નીકળતા થયા છે. દિવસો સુધી સુમસામ રહેલું શહેર જાણે જીવંત બની ગયું છે. યુવાનોની અવરજવરથી શહેરમાં રોનક વધી છે. શોપીંગ કોમ્પ્લેક્ષ અને શોપીંગ સેન્ટરોની આસપાસ સાંજના સમયે ભીડ જોવા મળી રહી છે.

જો કે સરકારે આપેલી આ છૂટછાટ જોખમી પુરવાર થાય તેમ છે. ઘણા દિવસો સુધી ઘરમાં રહીને કંટાળેલા યુવાનો એક સાથે બહાર નીકળી પડતાં ચિંતા વધી હતી. ખ-૦ સર્કલ, રીલાયન્સ ચોકડી વિસ્તાર અને ઈન્ફોસીટી વિસ્તારમાં તો જાણે ભારે ભીડ જામી હોય તેવા દશ્યો સર્જાયા હતા. યુવાનોની ભીડ જામી હોય તેવો સંદેશ પોલીસને મળતા પોલીસ હરકતમાં આવી હતી. જ્યાં જ્યાં યુવાનોની ભીડ જામી હોય તેવા સ્થળોએ પોલીસ પહોંચી ગઈ હતી અને પોલીસે કાર્યવાહી કરી યુવાનોના ટોળાને હટાવ્યા હતા અને દુકાનો બંધ કરાવી હતી. હાલમાં રાત્રે નવ વાગે કરફ્યુ લાગી જાય છે. પરંતુ ટોળાં થતાં અમુક વિસ્તારોમાં દુકાનો વહેલી બંધ કરાવવાની ફરજ પડી હતી.



અત્યારે તંત્ર દ્વારા કોરોના વેકિસન આપવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે. તંત્ર દ્વારા વિવિધ સ્થળો પર વેકિસન સેન્ટર ઉભા કરાયા છે. શહેરના સેકટર-૩-ડી રામેશ્વર મંદિરના હોલ ખાતે વેકિસનની કામગીરી ચાલી રહી હતી ત્યારે કોંગ્રેસના આગેવાન ઉત્પલ જોશી સહિત કોંગ્રેસના પરિવારના સભ્યો, હોદ્દેદારો સહિત સ્થાનિક વસાહતી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં વેકિસન લીધી હતી.



શહેરના શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવા કાર્યો કરવામાં આવે છે ત્યારે આજે સેકટર-૬, ઘ-૩ પાસે મેદાનમાં વસવાટ કરતા શ્રમિક પરિવારોને દાળ-ભાત, શાક-રોટલી મીઠાઈ સહિતનું ભોજન પીરસવામાં આવ્યું હતું. અંદાજીત ૧૦૦થી વધુ ભાઈ-બહેનો અને બાળકોએ ભોજન લઈ આનંદનો ઓડકાર લઈ ખુશી વ્યકત કરી હતી.

# એસ. વી. પ્રી-સ્કૂલના બાળકો શાળાની વર્ચ્યુઅલ મુલાકાતે




ગાંધીનગર, તા.૧૨

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. પ્રી-સ્કૂલના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી. ના બાળકો હાલ શાળા દ્વારા આપવામાં આવતું ઉચ્ચ કક્ષાનું એક્ટિવિટી બેઝ્ડ ઓનલાઈન શિક્ષણ લઈ રહ્યા છે, ત્યારે શાળા પરિવાર દ્વારા બાળકોને શાળાની વર્ચ્યુઅલ મુલાકાત કરાવવામાં આવી હતી. શિક્ષિકાઓએ બાળકોને શાળાના મુખ્ય ગેટ, પ્રિન્સિપાલ ઓફિસ, અદ્યતન ક્લાસરૂમ, ઓડિઓ વિઝ્યુઅલ રૂમ, ડાઈનીંગ રૂમ, પ્લે ગ્રાઉંડ તથા ગાર્ડન ઓનલાઈન બતાવ્યા હતા. અદ્યતન સાધનોથી સુસજ્જ, અતિઆધુનિક પદ્ધતિથી તૈયાર થયેલી, લેટેસ્ટ રાઈડ-રમકડાંથી સુશોભિત એવી શાળાને જોઈને બાળકો અત્યંત ખુશખુશાલ થઈ ગયા હતા. અત્રે એ નોંધનીય છે કે બાળકોની સાથે વાલીમિત્રોએ પણ શાળાદર્શનનો લહાવો લઈ, પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

## જન્મદિને વધામણી



પટેલ લલીતા પ્રકાશકુમાર
મો. ૯૭૨૭૬૦૧૫૧૬



રત્નોત્તર તિથિ સુરેશકુમાર



ભાર્ગવી શૈલેષકુમાર ઠાકોર



ધૃવિલ રશ્મિકાંત પટેલ
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬



સ્વર વી પટેલ
મો. ૯૭૨૫૮ ૭૦૩૨૦



કથન ચારેલ

# સે-૨૬ જીઆઈડીસીના વેપારી સાથે ૨૬ લાખની છેતરપિંડી

## ટીપી સ્કીમમાં કપાતી જમીન અને પેડ વેંડીગ તેમજ પેડ ડીસ્ટ્રોયર મશીનના મોટા ટેન્ડરના નામે છેતરપિંડી, વેપારીએ પૈસા માંગતા ધમકી મળી, સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૨૬ જીઆઈડીસીમાં આર.ઓ. મશીનના પાર્ટસનું પ્રોડકશન કરતા વેપારી સાથે રૂ.૨૬ લાખની છેતરપિંડી થઈ છે. રેવન્યુ ડીપાર્ટમેન્ટ અને સીએમ ઓફિસમાં મોટી ઓળખાણ છે તેમ કહીને વેપારીની ટી.પી.સ્કીમમાં કપાતી જમીન અને પેડ વેંડીગ તેમજ પેડ ડીસ્ટ્રોયર મશીનનું મોટું ટેન્ડર અપાવવાનું કહીને વેપારી પાસેથી વિવિધ સમયે અને જગ્યાએ રૂ.૨૬ લાખ પડાવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જયારે વેપારીએ એક પણ કામ ન થતા રૂપીયા પરત માંગ્યા તો ઠગે ધમકી આપીને કહ્યું કે રાજકારણમાં અને પોલીસમાં મારી મોટી ઓળખાણ છે. જો તેમ પૈસા માંગશો તો ખોટી રીતે હેરાન કરી નાંખીશ, હવે મારો સંપર્ક કરતા નહી, નહીતર તમારા જીવનું જોખમ ઉભુ થઈ જશે.આખરે વેપારીને છેતરાયા હોવાનો અહેસાસ થતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર મહાલક્ષ્મી ફલેટ નં. જે.૧૦૧ ખાતે રહેતા ભાવેશકુમાર છગનભાઈ પટેલ (ઉં.૩૯, મુળ રહે.,આવલ ગામ તા.અમીરગઢ જી.બનાસકાંઠા) પોતાના પરીવાર સાથે રહે છે. ગાંધીનગર સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે એઈટીએસ ઈન્ડીયા નામથી આર.ઓ.મશીનના પાર્ટસનું પ્રોડકશનનો વેપાર કરે છે. ભાવેશભાઈએ ગત વર્ષ ૨૦૧૮ માં સનાથલ ગામના ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલ રેવન્યુ સર્વે નં.૧૦૯ અને ૧૨૯ પૈકી ૪૭ નંબરનો ૧૧૪૦ મીટરનો પ્લોટ ધંધાકીય હેતુ માટે વેચાણ રાખ્યો હતો.ત્યારબાદ આ પ્લોટ વર્ષ ૨૦૧૯માં ફાઈનલ ટીપીમાં આવતા સરકાર દ્વારા ૬૦ ટકા કપાત આવી હતી. જે ખરેખર ૩૦ ટકા હોવી જોઈએ તેવુ ફરીયાદી જાણતા હતા. જેથી કપાત મુદ્દે ફરીયાદી સરકારમાં રજુઆત કરવાના હતા. તે સમયે કંપનીમાં નોકરી કરતા મુકેશ કાંતિભાઈ મેવાડાએ જણાવ્યું હતું કે દેવાંગભાઈ દિલિપભાઈ દવે (રહે. પાલનપુર) જમીનની બાબતોમાં જાણકાર હોવાનું અને રેવન્યુ અધિકારીઓમાં તેમની સારી ઓળખાણ હોવાથી તે આ મુદ્દે નિરાકરણ લાવી આપશે તેમ કહીને દેવાંગ દવેને કંપની ખાતે બોલાવી પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ ફરીયાદીએ દેવાંગભાઈને ટીપી સ્કિમ અને કપાત અંગે વાત કરતા દેવાંગભાઈએ જણાવ્યું કે રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં મારી સારી ઓળખાણો છે, અધિકારીઓને થોડા પૈસા આપવા પડશે, પરંતુ આપણી કપાતનો પ્રશ્ન ઉકેલાઈ જશે. તે પ્રકારની વાત કરતા ફરીયાદીએ સનાથલ પ્લોટના દસ્તાવેજી કાગળોની નકલો આપી હતી. ત્યારબાદ ઠગ દેવાંગ કંપની ખાતે આવી અધિકારીઓ સાથે વાત થઈ ગઈ છે, રૂ.૨ લાખ આપવા પડશે, એટલે આપણુ કામ પતી જશે. જેથી ફરીયાદીએ ડિસેમ્બર-૧૯ માં રોકડા રૂપીયા આપ્યા હતા. ત્યારબાદ ઠગ કંપની આવીને પ્રોડકશન વિશે માહિતી લેતો હતો. દેવાંગ પોલીસ અધિકારીઓ અને રાજકીય નેતાઓ સાથે સારા સંબંધો હોવાનું જણાવી કામકાજ હોય તો કહેજો તેમ કહ્યું હતું. ત્યારબાદ કંપનીમાં આવીને ઠગે કંપનીમાં બનેલા પેડ વેન્ડીંગ અને પેડ ડીસ્ટ્રોયર મશીનનું ટેન્ડર સરકારમાંથી તેમોને અપાવી શકુ છુ. તે ઉપરાંત સીએમ ઓફિસમાં પણ સારા સંબંધો છે અને તમારા વેપારમાં ફાયદો કરાવી આપીશ. ત્યારપછી ફરીયાદીને દેવાંગ સચિવાલય સીએમ ઓફિસ ખાતે લઈ જઈ કોઈ અધિકારી સાથે વાતચીત કરાવી હતી. અમારી પ્રોડકટના વર્ક ઓર્ડર અંગે પણ ચર્ચા કરી હતી. જેથી ફરીયાદીને વિશ્વાસ બેઠો હતો. તે પછી દેવાંગે ફરીયાદીને કહયુ કે તમારા વર્ક ઓર્ડરની સરકારમાં વાત થઈ છે. તેમને રૂ.૧૦૦ કરોડ સુધીના કામના ઓર્ડર અપાવીશ. તેમાં હુ પણ ભાગીદાર રહીશ અને સરકારના માણસોને પૈસા આપવા પડશે. જેમાં હાલના સમયે રૂ.૨૦ લાખ આપવા પડશે. જેથી ફરીયાદીએ ફેબુઆરી-૨૦ માં રૂ.૭ લાખ તેમજ માર્ચ-૨૦ માં રૂ.૧૨.૫૦ લાખ રોકડા આપ્યા હતા.ત્યારબાદ વર્ક ઓર્ડરની ફાઈલ સીએમ સાહેબના ટેબલ પર પડી છે. આપણો વહેવાર પુરો થશે એટલે ઓર્ડર મળી જશે. જયારે પોલીસના ઉચ્ચ અધિકારીના સંબંધીને સારવાર માટે એડમીટ કરેલા હોવાથી તાત્કાલીક પૈસાની જરુર છે તેમ કહીને દેવાંગે આપેલા એકાઉન્ટમાં રૂ.૨.૫૦ લાખ જમા કરાવ્યા હતા. ફરીયાદી પાસેથી ઠગ દેવાંગે ટુકડે -ટુકડે વિવિધ સ્થળે અને સમયે રૂ.૨૬ લાખ પડાવ્યા હતા. ત્યારપછી વેપારીએ ફાઈનલ ટીપીની કપાત અને વર્ક ઓર્ડર અંગે વાત કરતા દેવાંગે વેપારીનો ફોન ઉપાડવાનું બંધ કર્યુ હતું. જેથી વેપારીને શંકા જતા સીએમ કાર્યાલયમાં તપાસ કરતા કોઈ વર્ક ઓર્ડર મળવાની કોઈ ફાઈલ ત્યાં નહી હોવાનું જાણવા મળ્યું હતું. જયારે ટીપીની કપાત ની પણ કોઈ કામગીરી થઈ ન હતી. દેવાંગ દવેનો સંપર્ક વેપારીએ કરતા પૈસા તો મળ્યા નહી પરંતુ દેવાંગ દવે એ ધમકી આપી હતી કે પોલીસ અધિકારીઓ અને રાજકારણમાં માટી મોટી ઓળખાણો છે. પૈસા પરત માંગશો તો ખોટી રીતે હેરાન કરી નાંખીશ. હવે પછી મારો સંપર્ક કરતા નહી નહીતર તમારુ જીવનું જોખમ થશે. જેથી રૂપીયાની જગ્યાએ ધમકી મળી અને છેતરપિંડીનો ભોગ બનતા વેપારીએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં વિવિધ વસ્તુનું વિતરણ



ગાંધીનગર, તા.૧૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં લાભાર્થીઓને ૩ કિ.ગ્રા. ચોખા, વાંચવાના ચશ્મા તથા ચાલવા માટે ચાર પગની લાકડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શુક્રવારે થયેલ આ કાર્યમાં અમૃતભાઈ પ્રજાપતિ, શ્રી મહર્ષિ, મિલિન્દભાઈ તથા શારદુલ ભરવાડ સાથે જોડાયા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. રાઠોડ જશુભાઈ વાલાભાઈ, ઉ.વ. ૬૨, સેકટર-૨
- સ્વ. ઠકોર રાણજી ઉમેતજી, ઉ.વ. ૩૫, મીરજપુર, દહેગામ
- સ્વ. નાયક શાંતિભાઈ હીરાભાઈ, ઉ.વ. ૭૫, બોરીસણા, કલોલ
- સ્વ. ગોરખા કાલુસિંહ મોતીસિંહ, ઉ.વ. ૭૦, વાવોલ

# જુના સચિવાલય અંડરપાસમાં રિક્ષા ફસાઈ : ચોમાસામાં અકસ્માત સર્જાવાની ભીતિ

ગાંધીનગર, તા.૧૨

ચોમાસુ આવતા જ શહેરમાં ઠેર ઠેર પાણી ભરાવાની સમસ્યા વર્ષોથી જોવા મળે છે પરંતુ તેનો કોઈ કાયમી ઉકેલ જોવા મળ્યો નથી. ત્યારે હજુ સુધી મહાપાલિકા દ્વારા પણ મોન્સુન કામગીરી શરૂ કરવામા આવી નથી. શહેરના સેકટર ૨૧ તરફથી જૂના સચિવાલયના મીનાબજાર તરફ જતા અંડરપાસમાં રિક્ષા ફસાઈ હતી. રોડ તુટેલી હાલતમાં હોવાના કારણે ખાડામાં અનેક વાહનો ફસાય છે. ત્યારે જો વરસાદમાં પણ આજ સ્થિતિ રહી તો પાણી ભરાવાના કારણે ખાડો દેખાશે નહીં અને અકસ્માત સર્જાવાની શક્યતા જોવા મળી રહી છે.

પાટનગરમાં નવા અંડરપાસ એક પછી એક મંજૂર કરવામાં આવી રહ્યા છે. પરંતુ બીજી તરફ જે અંડરપાસ છે તેની મરામત કરવામાં આવતી નથી. સેકટર ૨૧ તરફથી જૂના સચિવાલય પાછળના ભાગે આવેલા મીના બજાર તરફ અંડરપાસમાં થઈ ને જઈ શકાય છે. અંડરપાસમાં થોડા સમય પહેલા જ મરામત કરવામા આવી હતી. આજુબાજુમાં આવેલી દિવાલોને પ્લાસ્ટર કરાયુ હતુ. જ્યારે નવો રોડ બનાવ્યાને વર્ષો વિતી ગયા છે. અંડરપાસની વચ્ચે મોટા ખાડા પડી ગયા છે. જેમાં અવર જવર કરતા વાહનો અનેક વાર ફસાઈ જાય છે. ત્યારે શુક્રવારે સવારના સમયે એક રીક્ષા ખાડામાં ફસાઈ હતી. જોકે રીક્ષામાં પેસેન્જર ન હોવાના કારણે કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ ચોમાસા દરમિયાન આ જગ્યામાં પાણી ભરાય છે અને જો કોઈ વાહન ચાલકના ધ્યાન ના આવે તો મોટો અકસ્માત સર્જાઈ શકે છે. ચોમાસુ નજીકમાં છે છતાં તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન કામગીરી શરુ કરવામાં આવી નથી ત્યારે તંત્ર ચોમાસા પહેલા જાગે અને કામગીરી કરે તેવી વાહન ચાલકો માંગ કરી રહ્યા છે.

# ગાંધીનગરની દિકરી હિના ત્રિવેદી રાષ્ટ્રીય કક્ષાએ નિબંધ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૮ની હિના ત્રિવેદીએ વડોદરા ખાતે યોજાયેલી નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો છે. જેનો વિષય હતો 'કોરોના સામેની લડતમાં એક નાગરિક તરીકે મારું યોગદાન'. ગાંધીનગરની દિવ્યાંગ દિકરી હીના દિલીપભાઈ ત્રિવેદીએ સ્પોર્ટસ ક્ષેત્રે પણ યશસ્વી પ્રદર્શન કરતા અત્યાર સુધી કુલ ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર સાથે કુલ ૫ ચંદ્રકો જીતીને પાટનગરનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકાવ્યું છે. હીનાએ ૧૦૦ મીટર દોડ તથા કલબ થ્રો રમતોમાં દ્વિતીય સ્થાન મેળવી ૨ સિલ્વર મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. આ ટૂર્નામેન્ટ સેરેબ્રલ પાલ્સીની તકલીફ ધરાવતા ખેલાડીઓ માટે યોજાઈ હતી. જેમાં ઓવરઓલ



ગુજરાતની ટીમ ચેમ્પિયન બની હતી. ૨૦૨૧માં યોજાયેલી નેશનલ પેરા એથ્લેટિકસ ગેમ્સ ફોર સેરેબ્રલ પાલ્સીમાં વિવિધ રમતોમાં તેણીએ ભાગ લીધો હતો. આ પૈકી હિના ત્રિવેદીએ ગોળા ફેંકમાં સિનિયર ઈન એફ-૩૩ કેટેગરીમાં ૨.૨૪ મીટર દૂર ગોળો ફેંકીને પ્રથમ સ્થાને વિજેતા બનવા સાથે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. પરિવારમાં માતા પિતાનો પુરતો સહયોગ મળવાના કારણે હીનાએ પાટનગરનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકાવ્યું છે. સ્પોર્ટસ સિવાય સિંગિગ, સંસ્કૃતમાં બધા જ શ્લોક આવડે છે અને ગરબાનો પણ તેણીને શોખ છે. મહેસાણામાં હીનાના નામથી એક ટ્રસ્ટ ચાલે છે જેમાં સેરેબ્રલ પાલ્સી બાળકો માટે હીનાના માતા પિતાએ ઘણી સેવા આપી છે.

# બાળ સુરક્ષા, બાળ સલામતી અને સંકલિત બાળ સુરક્ષા યોજના પર ત્રણ દિવસીય ઓનલાઈન તાલીમ




ગાંધીનગર, તા.૧૨

MIPLVP ઈન્સ્ટીટયુટ ઓફ સોશિઅલ વર્ક દ્વારા MSWના વિદ્યાર્થીઓ માટે બાળ સુરક્ષા, બાળ સલામતી અને સંકલિત બાળ સુરક્ષા યોજના પર ત્રણ દિવસીય ઓનલાઈન તાલીમ ૭, ૯ અને ૧૦ જુન, ૨૦૨૧ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ ગાંધીનગર સ્થિત મિરેકલ ફાઉન્ડેશનની ટીમ દ્વારા આપવામાં આવી હતી. આ તાલીમમાં ૫૬થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. સમગ્ર તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને બાળક સંબધિત કાયદાઓ, એમની સુરક્ષાની સેવા ઉપલબ્ધતાઓ પર ચર્ચા કરાઈ હતી.